(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર– કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામું આખરી રહેશે. ચોકકસ સમજણ–અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામાને ધ્યાને લેવા સલાહ આપવામાં આવે છે.)

**ફી જાહેરનામું**
**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
**નવા સચિવાલય, ગાંધીનગર**
**તા. ૦૫/૦૩/૨૦૧૯**
**નં. જીએસઆરડીસી/ડીપીજી/૧૬૧૭/ ૨૦૧૪**

**સરકારી આદેશ :**

૧. ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "જીએસઆરડીસી" તરીકે કરવામાં આવે છે) એ, તારીખઃ ૯/૦૪/૨૦૦૯ ના રોજ, ગુજરાત રાજયમાં ડીસા–પાંથાવાડા–ગુંદરી માર્ગ એસએચ–૭ ના કિ.મી. ૧૪૦.૯૨ થી કિ.મી. ૧૮૫.૨૪ ના ખંડને સુધારણા અને મજબુતીકરણ કરવા માટે રણજીત ટોલ રોડ પ્રાઈવેટ લિમિટેડ (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "કન્સેશનર" તરીકે કરવામાં આવ્યો છે) સાથે, નિર્માણ, સંચાલન અને તબદીલીના ધોરણે કરાર કર્યો છે. આ કન્સેશનર આ કન્સેશન કરારની જોગવાઈઓને સુસંગત રહીને સમગ્ર કન્સેશન સમયગાળા સુધી આ પરિયોજના ધોરીમાર્ગની મોજણી, આલેખન, ઈજનેરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન અને જાળવણી કરવા સંમત થયા છે.

૨. આ કન્સેશન કરારની કલમ–૩ હેઠળ, આ કન્સેશન કરારની કલમ–૩.૧ માં નિયત કરેલા કન્સેશન સમયગાળા માટે કન્સેશનરને આ પરિયોજના નિહિત કરે છે.

૩. હવે આ કન્સેશન કરાર હેઠળ, કન્સેશનરના અધિકારોની સ્વીકૃતિમાં આથી ગુજરાત સરકાર, સમર્થન આપે છે, જાહેર કરે છે અને આદેશ કરે છે કે કન્સેશનર અથવા તેમના અધિકૃત એજન્ટ/કર્મચારીઓ, કન્સેશન કરાર અનુસાર કોઠો નં. જી–૨ માં આવા નિશ્ચિત કરેલા વર્ગોનાં અને વાહનોથી ખેંચવામાં આવતા ટ્રેલર ઉપર, તેમાંનાં દરેકની સામે નિર્દિષ્ટ કરવામાં આવેલા દરે ચાર્જ નિયત કરશે, વસુલ કરશે, ઉઘરાવશે, એકત્રિત કરશે અને રાખશે.

નીચે આપેલો કોઠો જી–૧, ટોલ પ્લાઝા સ્થાન હેઠળ આવરી લીધેલા અનુભાગની લંબાઈ દર્શાવે છે:

**–: કોઠો –જી–૧: દરેક ટોલપ્લાઝા સ્થળ હેઠળ આવરી લેવાયેલ અનુભાગની લંબાઈ :–**

| અનુભાગનું નામ | ટોલપ્લાઝા સ્થળ (કિ.મી) | કુલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|
| ડીસા–કંસારી માર્ગ ખંડ | ચેઈનેજ કિ.મી. ૧૪૪.૫૦૦ (કંસારી ગામ પાસે) | ૧૨.૦૦ |
| કંચારી–પાંથાવાડા–ગુંદરી માર્ગ ખંડ | કિ.મી. ૧૭૧.૪૫૦ (કુંચાવાડા ગામ પાસે) | ૩૨.૩૨૦ |

**દરની અનુસૂચિ**

૧ લી એપ્રિલ, ૨૦૧૯ ના રોજથી ગુજરાત રાજય ધોરીમાર્ગ–૭ પરના કિ.મી. ૧૪૦.૯૨ થી કિ.મી. ૧૮૫.૨૪ ના માર્ગનો ઉપયોગ કરનારા પાસેથી વસૂલ કરવાનાં બેઝ ફીના દર

| અ.નં. | વાહનોનો પ્રકાર | ટોલ દર/ફી (રૂપિયામાં) (વાહન દીઠ એકમાર્ગી સફર માટે ફીના દર ૧ એપ્રિલ, ૨૦૧૯ થી કિલોમીટર દીઠ) (કન્સેશન કરાર ના શિડયુલ– જી ના કલોઝ–૭ મુજબ) | ડીસા–કંસારી (વાહન દીઠ એકમાર્ગી સફર માટે ફી ના દર રૂપિયામાં) (કન્સેશન કરાર મુજબ વર્ષ – ૨૦૧૯–૨૦ માટે સુધારેલ) | કંસારી–પાંથાવાડા–ગુંદરી (વાહન દીઠ એકમાર્ગી સફર માટે ફી ના દર રૂપિયામાં) (કન્સેશન કરાર મુજબ વર્ષ – ૨૦૧૯–૨૦ માટે સુધારેલ) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | મોટર ગાડીઓ/ જીપ | ૦.૮૯૭૯૨૮ | ૧૦ | ૩૦ | ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંકઃ મુ.મ.સ./૧૦/૨૦૧૬/ટો.મુ./કેબીનેટ/૧૯/ખા.ક. તા. ૧૨/૦૮/૨૦૧૬થી જણાવ્યા મુજબ ટોલ પ્લાઝા પર કાર/જીપ/વાન/ દ્વિચક્રીય, ત્રિચક્રીય અને ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમની એસ.ટી. બસને ટોલ ભરવામાંથી મુકિત આપવાની રહેશે. |
| ૨ | મિનિ બસ | ૧.૩૪૬૮૯૨ | ૧૫ | ૪૫ | |
| ૩ | બસ | ૨.૬૯૩૭૮૪ | ૩૦ | ૮૫ | |
| ૪ | એલસીવી | ૧.૩૪૬૮૯૨ | ૧૫ | ૪૫ | |
| ૫ | ૨ એકસેલ વાળો ખટારો | ૨.૬૯૩૭૮૪ | ૩૦ | ૮૫ | |
| ૬ | ભારે ખટારો (૩ થી ૬ એકસેલ વાળો) | ૪.૦૪૦૬૭૭ | ૫૦ | ૧૩૦ | |
| ૭ | વધારે કદવાળુ વાહન | ૫.૩૮૭૫૬૯ | ૬૫ | ૧૭૫ | |

**"મોટરગાડી (કાર)"** એટલે તેમાં કોઈપણ મોટર પરિવહન વાહન, મોટરગાડી (કાર), જીપ, વાન,ઓમની બસ, અથવા એકંદર વાહન વજન ૭૫૦૦ (સાત હજાર પાંચસો) કિલોગ્રામથી વધારે ન હોય તેવું ચાર પૈડાંવાળું મોટર પરિવહન, પરંતુ તેમાં મોટર સાઈકલ, ટ્રેકટર અથવા રોડ રોલરનો સમાવેશ થતો નથી;

**"હળવું વાણિજિયક વાહન" અથવા "એલસીવી"** એટલે કોઈ પણ ઉતારુ વાહન અથવા ૭,૫૦૦ કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતું વાહન અને તેમાં ટ્રેઈલર સાથેના ટ્રેકટરનો સમાવેશ થાય છે પરંતુ ટ્રેકટર, બસ, ખટારા (ટ્રક) અથવા ભારે ખટારા (ટ્રક) નો સમાવેશ થતો નથી;

**"બસ"** એટલે એકંદર ૧૨,૦૦૦ (બાર હજાર) કિલોગ્રામથી વધારે વજન ધરાવતું કોઈ પણ ઉતારુ મોટર વાહન;

**"ખટારો/ટ્રક"** એટલે એવું કોઈ પણ માલવાહક વાહન, જે ૧૨,૦૦૦ (બાર હજાર) કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતું હોય, તેમાં રોડ રોલરનો સમાવેશ થાય છે પરંતુ ભારે ખટારાનો સમાવેશ થતો નથી;

**"એમએવી અથવા ભારે ખટારો"** એટલે ૨૦,૦૦૦ કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતા માલવાહક ખટારા અને તેમાં ત્રણથી છ એકસેલ ધરાવતા ખટારા અને અર્થ મૂવર સાધનસામગ્રીનો સમાવેશ થાય છે;
આ ફી, પરિયોજના ધોરીમાર્ગના માર્ગ (કન્સેશન કરારમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ) નો ઉપયોગ કરતાં અને ટોલ પ્લાઝામાં પ્રવેશતાં અને પરિયોજના ધોરીમાર્ગ ઉપર પસાર થતાં વાહનો ઉપર, તા. **૦૧/૦૪/૨૦૧૯** ના રોજ ૦૦.૦૦ કલાકની અસરથી લેવામાં આવશે.

૪. **મુકિત આપેલ વાહનો :**
નીચેના પ્રકારનાં વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને "કન્સેશનરે" તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

- વીઆઈપીનું ચિહન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે ભારતના નામદાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન.
- વીઆઈપીનું ચિહન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે રાજયોના રાજયપાલો, ઉપ રાજયપાલો, સંઘ પ્રદેશોના રાજયપાલો, મુખ્ય મંત્રીઓ, કેન્દ્ર અને રાજયના મંત્રીઓ, કેન્દ્ર અને રાજય વિભાનસભાના ક્ષેત્રાધિકાર ધરાવતા અધ્યક્ષપદ સંભાળતા પદાધિકારીઓ અને લોકસભા, રાજય સભા અને રાજય વિધાનસભામાં વિરોધપક્ષના નેતાઓ.
- વીઆઈપીનું ચિહન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે ભારતની સર્વોચ્ચ અને ઉચ્ચ અદાલતના ક્ષેત્રાધિકાર ધરાવતા જજ.
- વીઆઈપીનું ચિહન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે ભારતની મુલાકાતે પધારતા વિદેશી મહાનુભાવો, મોટરકારોમાં સીડી પ્રતીક ધરાવતા ભારત ખાતે નિયુકત થયેલાં વિદેશી મિશનોના વડાઓ.
- સાંસદો, ધારાસભ્યો, કેન્દ્ર અને રાજય સરકારના વાહનો, જીએસઆરડીસીના અધિકારીઓ, સ્થળના સંબંધમાં તેમની વૈધાનિક ફરજો બજાવતા પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવો જરૂરી હોય તેવી વ્યકિતઓ, સ્વતંત્ર પરામર્શક.
- ગણવેશધારી સશસ્ત્ર દળો, અર્ધ લશ્કરી દળો અને સુરક્ષા દળનાં વાહનો સહિત કેન્દ્ર અને રાજયના દળો, પોલીસ વાહનો, પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તિ ચક્ર,વીર ચક્ર અને શૌર્ય ચક્ર જેવા વીરતા પુરસ્કારોના વિજેતાઓને સક્ષમ સત્તાતંત્રે તેમના પુરસ્કારને અધિકુત કરતું ઓળખપત્ર દર્શાવતાં.
- જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખો.
- અગ્નિશામક દળનાં વાહનો, એમ્બ્યુલન્સ અને કટોકટી સમયમાં બચાવ કામગીરીમાં વપરાતાં વાહનો.

**"સ્થાનિક યાતાયાત/અવરજવર"** એટલે આ પરિયોજના ધોરીમાર્ગ ઉપર ખાનગી મોટરગાડી ધ્વારા કરવામાં આવતી અવરજવર; પરંતુ (૧) આવી ખાનગી મોટર ગાડીની માલિક વ્યકિત, ટોલ પ્લાઝાથી ૨ (બે) કિ.મી.ની હદમાં રહેતી હોવી જોઈએ, અને (૨) આવા વિસ્તારમાં જોડતા માર્ગ માટે કોઈ વિકલ્પ ન હોવો જોઈએ. શંકાના નિવારણ માટે, આવા વિસ્તારને જોડતો માર્ગ, પરિયોજના ધોરીમાર્ગને અનુરૂપ અંતરથી ૨૦% (વીસ ટકા) થી વધુ અંતરની મુસાફરી કરવી પડતી હોય તો તે માર્ગને વિકલ્પ ગણવામાં આવશે નહી;

**"સ્થાનિક વાણિજિયક યાતાયાત/અવરજવર"** એટલે ટોલ પ્લાઝા વચ્ચે અને ટોલપ્લાઝાથી બેમાંથી કોઈપણ દિશામાં ૨ (બે) કિ.મી. ની હદમાં આવેલા કોઈપણ સ્થળ વચ્ચે મોટરગાડી, એલસીવી, બસ અથવા ખટારા ધ્વારા કરવામાં આવતી યથાપ્રસંગ અવરજવર. પરંતુ તેમાં સ્થાનિક યાતાયાત/અવરજવરનો સમાવેશ થશે નહી;

**૫. સ્થાનિક યાતાયાત/અવરજવર માટે મુકિતઃ**

જે વાહન પરિયોજનાના ભાગનો ઉપયોગ કરતું હોય અને ટોલ પ્લાઝા પાર કરતું ન હોય તેની પાસેથી કોઈ ચાર્જની વસૂલાત અથવા ઉઘરાણી કરવાની રહેશે નહી.

કન્સેશનર, સ્થાનિક યાતાયાત જે દિવસ દરમિયાન એક થી વધારે ટોલ પ્લાઝા પાર કરતું ન હોય તેમના પાસેથી કોઈપણ ચાર્જ વસુલ કરશે નહી. અને તે પરિયોજના ધોરીમાર્ગ ઉપર અવરજવર કરવા માટે લોકલ પાસ કાઢી આપશે.

આ ખંડની જોગવાઈના અમલ માટે કન્સેશનર સમયાંતરે યોગ્ય યોજના ઘડશે, પ્રકાશિત કરશે અને અમલ કરશે, અને આવી યોજનામાં એવા ફેરફાર કરશે કે જે રાજય સરકાર કે જી.એસ.આર.ડી.સી. સુચવે પરંતુ તે માટે કન્સેશનર, સ્થાનિક યાતાયાત માટે સંબંધિત વાહન, જો તે વાહન પરિયોજના ધોરીમાર્ગ ઉપર એક વખત ફેરો/ ખેપ કરતું હોય તેવા એક ફેરા માટે ચૂકવવાપાત્ર ફીથી પાંચગણી જેટલી ફી પાસ આપવાના અને સ્થાનિક યાતાયાત/અવરજવરની સંભાળ લેવાના ખર્ચની વસૂલાત પેટે વસૂલ કરવા હકદાર રહેશે. વધુમાં એ જોગવાઈ રહેશે કે એવા વાહન કે જે પ્રોજેકટ માર્ગના ભાગનો ઉપયોગ કરે છે. પરંતુ ટોલપ્લાઝા વટાવતા નથી તેના માટે કોઈ પાસ આપવાના રહેશે નહી કે ફી ઉઘરાવવાની રહેશે નહી. સ્થાનિક ઉપયોગ કર્તા, (ક) તહેસિલદાર/નાયબ તહેસિલદાર/ તાલુકા વિકાસ અને પંચાયત અધિકારીના રહેઠાણના પ્રમાણપત્રતરીકેના આવા પુરાવા અથવા રેશન કાર્ડ અથવા મતદાર ઓળખપત્ર, (ખ) આવો પાસ જરૂરી હોય એવી અંગત મોટરગાડીની નોંધણીના કાગળો સાથે લિખિત અરજી કરે તો તેમને માસિક પાસ આપશે. કેવળ સ્થાનિક ઉપયોગકર્તાના નામે નોંધાયેલી મોટરગાડી અને રહેઠાણના ઉકત પુરાવામાં નિર્દિષ્ટ સરનામું ધરાવતી ગાડી જ માસિક પાસ માટે પાત્ર ઠરશે. રહેઠાણના પુરાવા અને નોંધણીના કાગળો રજૂ કર્યે કન્સેશનર તેમની એક નકલ રાખશે અને મૂળ દસ્તાવેજો તરત જ પરત કરશે.

**૬. વારંવાર ઉપયોગ કરનારા માટે કનસેશન / વળતર ફી**

કન્સેશનર, કોઈ પણ વ્યકિતની વિનંતીથી સંબંધિત વાહન પરિયોજના ધોરીમાર્ગ પર એક વાર એકમાર્ગી ફેરો કરવાનું હોય તો તે માટે ચૂકવવાપાત્ર ફીના ૧૬૦% (અકસો સાંઈઠ ટકા) જેટલી રકમની ચુકવણીથી પરત પાસ (રિટર્ન પાસ) આપશે.

કન્સેશનર, કોઈપણ વ્યકિતની ૨૦ કે તેથી વધુ એકમાર્ગી ટોલ ટિકિટ આપવા અંગેની વિનંતીથી સંબંધિત વાહન માટે ચૂકવવાપાત્ર ફીના ૮૦% (એંસી ટકા) જેટલા રાહત દરે આવી ટિકિટ આપશે. આવી રાહત–ટિકિટ નિર્દિષ્ટ વાહનને એક માસ (કેલેન્ડર માસ) ના ગાળા દરમિયાન કોઈપણ સમયે પરિયોજના ધોરીમાર્ગ ઉપર દરેક એકમાર્ગી ફેરા વખતે એક ટિકિટનો ઉપયોગ કરીને જવા માટે હકદાર ઠરાવશે.

**૭. ફીની ચોરી માટે વધારાના ચાર્જ**

કોઈપણ વાહન જરૂરી ફીની ચુકવણી વિના પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરે તેવા કિસ્સામાં કન્સેશનર, લાગુપાડવાપાત્ર કાયદો અને પરવાનગીઓને અધીન રહીને આવાં વાહન અંગેની જરૂરી ફી અને પરિયોજના ધોરીમાર્ગના અનધિકૃત ઉપયોગ કરવાથી પૂર્વનિયુકત પૂર્વનિર્ધારિત નુકશાન અંગે સમાન રકમ નકકી કરવા અને વસૂલ કરવા હક્કદાર રહેશે. પરંતુ, આવી ફી અને પૂર્વનિયત નુકસાનના નિર્ધારણ અને વસૂલાત કન્સેશનરના જોખમે અને ખર્ચે કરવાની રહેશે અને જીએસઆરડીસી કોઈ પણ રીતે તે બાબતમાં જવાબદાર ઠરશે નહી. વધુમાં, અતિલાદણ (ઓવર લોડિંગ) ની જાણ થતાં કન્સેશનર આવા વાહનમાંથી વધારાનો વજન દૂર કરાવવામાં ન આવે ત્યાં સુધી વાહનને પરિયોજનાનો ઉપયોગ કરતાં અટકાવશે અને જીએસઆરડીસી, કનસેશનરના પક્ષે આવા વાહન અથવા આવું વાહન ચલાવતી વ્યકિતની બાબતમાં કોઈ ચૂક અથવા ત્રુટિ માટે જવાબદાર ઠરશે નહી.

**૮. ઓવર લોડિંગ કરેલાં વાહનો માટે વધારાની ફી**

ઉકત પેરા–૬ ની જોગવાઈઓને અધીન, અને લાગુપાડવાપાત્ર કાયદા હેઠળ ઉભી થયેલી જવાબદારીને બાધ આવ્યા સિવાય, આવા કાયદામાં નિયત કરેલી પરવાનગીપાત્ર મર્યાદાથી વધુ વજન ભરેલા આવા કોઈ વાહનને ચલાવતી કોઈ પણ વ્યકિતને કન્સેશનર, આ પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવા દેશે નહી. સાથે સાથે આવી વ્યકિતએ, આવા ઉપયોગથી પરિયોજનાને નુકશાન, બગાડ થયો હોય તેના બદલામાં વધારાની ફી (એડિશનલ ફી) ની ચુકવણી કરવાની રહેશે. આ વધારાની ફી નીચેના કરતાં વધવી જોઈએ નહીઃ–

(ક) આવા વાહનમાં પરવાનગીપાત્ર વજનથી ૧૦% વજન વધતું હોય તો ફીના ૫૦% (પચાસ ટકા), પરંતુ પરવાનગીપાત્ર વજનના ૨૦% (વીસ ટકા) થી વધવું જોઈએ નહી, અને

(ખ) આવા વાહનમાં પરવાનગીપાત્ર, વજનથી ૨૦% (વીસ ટકા) થી વજન વધતું હોય તો ફીના ૧૦૦% (સો ટકા).

પરંતુ, વધારા ફી કન્સેશનર ધ્વારા દરેક ટોલ પ્લાઝા પર માન્યતાપ્રાપ્ત સ્થિર વજનકાંટા (સ્ટાન્ડર્ડ સ્ટેટિક વેઈંગ મશીન) કે જે કન્સેશનરે મુકવાના રહે, થી માપીને ખરેખર એકંદર વાહન વજનના આધારે વસૂલ કરવાની રહેશે.

વધુમાં, કનસેશનરે વધારાની ફીનું નિર્ધારણ અને વસૂલાતનું નિયમન અને અમલ તેમના જોખમે અને ખર્ચે કરવાનાં રહેશે અને આવી વધારાની ફીની પૂરેપૂરી અથવા તો તેના ભાગની કોઈપણ કારણસર અથવા તેને લગતી બાબતમાં વસૂલાત કરવામાં અક્ષમતા કે નિષ્ફળતાની બાબતમાં જીએસઆરડીસીના સામે કોઈ દાવો કરી શકશે નહી.

**૯. અનધિકૃત વસૂલાત**

કન્સેશનર, કોઈ વ્યકિત પાસેથી મળવાપાત્ર ન હોય અને અહીં ચૂકવવાપાત્ર ન હોય એવી રકમ વસૂલ કરે તેવા કિસ્સામાં, કન્સેશનર, આવી રીતે વસૂલ કરેલી રકમ ઉપર વસૂલાતની તારીખથી રકમ પરત કર્યાની તારીખ સુધી દરેક દિવસ દીઠ ૩% (ત્રણ ટકા) ની રકમ સહિત આવી રકમ આવી વ્યકિતને નુકશાની ઉપાય તરીકે તરત જ પરત કરવા જવાબદાર રહેશે. ઉપર જણાવેલી રીતે નુકશાન સહિત ગણવામાં આવેલી રકમ આવી વ્યકિતને કોઈ પણ કારણ સર ચૂકવવામાં ન આવે તેવા કિસ્સામાં તે રકમ આવી વસૂલાતની તારીખથી ૧૫ (પંદર) દિવસમાં જીએસઆરડીસી ખાતે જમા કરવાની રહેશે.

આ પેરા હેઠળ કન્સેશનરે ચૂકવવાની રકમને લગતા કોઈ પણ વિવાદનું નિરાકરણ જીએસઆરડીસી ધ્વારા કરવામાં આવશે.

ટોલની વસૂલાત અંગેની બાબતમાં કોઈ વ્યકિત નારાજ થાય તો તે જીએસઆરડીસીને ફરિયાદ કરી શકે. જીએસઆરડીસી આવી ફરિયાદ અંગે ૧૫ (પંદર) દિવસની મુદતમાં આદેશો આપશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહિ/–**
(એ. એન. મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી,
માર્ગ અને મકાન વિભાગ,
ગુજરાત સરકાર.

(મૂળ અંગ્રેજીનો અનુવાદ– ફકત વર્તમાનપત્રો તેમજ નિગમ અને મા.મ. વિભાગની વેબસાઈટ પર પ્રગટ થવા માટે)
(મૂળ અંગ્રેજી ફી નોટીફીકેશન નિગમની વેબસાઈટ www.gsrdc.com પર ઉપલબ્ધ છે)